**તેજી હોય કે પછી મંદી**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
**ધી ઈકોનોમિક રેવલ્યૂશન**
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com
NIRMAL METRO
Tuesday
23.04.2024
Year 12, Issue 104
દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૦૪ ● તા.૨૩.૦૪.૨૦૨૪ ● મંગળવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 104 ● Date : 23.04.2024 ● Tuesday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### લોકસભામાં ભારતીય જનતા પાર્ટીએ પહેલા જ તબક્કે જીત નોંધાવી દીધી

# સુરત બેઠકથી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ વિજેતા

### બજારની વાત

તા.૨૨.૦૪.૨૦૨૪

**ઈન્ડેક્ષ**

| | | |
|---|---|---|
| **સેન્સેક્ષ** | | |
| ૭૩૬૪૮.૬૨ | ૫૬૦.૨૯ | ૦.૭૭% |
| **નિફ્ટી** | | |
| ૨૨૩૩૬.૪૦ | ૧૮૯.૪૦ | ૦.૮૬% |

**કોમોડીટી**

| | | |
|---|---|---|
| **ક્રુડ** | | |
| ૬,૮૪૫.૦૦ | -૫૨.૦૦ | - ૦.૭૫% |
| **સોનું** | | |
| ૭૧,૨૩૫.૦૦ | -૧,૫૭૧.૦૦ | - ૨.૧૬% |
| **ચાંદી** | | |
| ૮૦,૬૨૨.૦૦ | -૨,૮૮૫.૦૦ | - ૩.૪૫% |
| **નેચરલ ગેસ** | | |
| ૧૪૯.૦૦ | ૨.૨૦ | ૧.૫૦% |

**ચલણી નાણું**

| | | |
|---|---|---|
| **ડોલર / રૂપિયો** | | |
| ૮૩.૩૮૨૫ | -૦.૧૦ | -૦.૧૨% |

## મુકેશ દલાલને સાંસદ તરીકેનું સર્ટીફિકેટ આપવામાં આવ્યું : ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે મુકેશ દલાલને મીઠાઇ ખવડાવીને અભિનંદન આપ્યા

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૨૨

આ વખતની લોકસભાની ચૂંટણીમાં સુરતમાં રાજકારણીઓએ એક એવું નાટક ભજવ્યું છે જેની ઘણા દિવસો સુધી ચર્ચા ચાલશે. સુરતમાં ભાજપ ચૂંટણી લડ્યા વગર જ જીતી ગયું છે કારણ કે ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ છે અને તેમની સામે કોઈ ઉમેદવાર નથી. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવામાં આવ્યા પછી તેમના ડમી ઉમેદવારનું ફોર્મ પણ રદ થયું હતું અને બાકીના તમામ ઉમેદવારોએ પણ પોતાની દાવેદારી પાછી ખેંચી લીધી છે. તેથી મુકેશ દલાલ સામે કોઈ ચેલેન્જ રહેતી નથી.



સુરત લોકસભાની ચૂંટણીને લઈને મહત્ત્વની માહિતી સામે આવી છે. મુકેશ દલાલને સાંસદ તરીકેનું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે. મુકેશ દલાલ મતદાન પહેલા સુરતના સાંસદ બન્યા છે. ચૂંટણી અધિકારીએ મુકેશ દલાલને જીતનું સર્ટીફિકેટ આપ્યું છે. મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલે એક્સ (અગાઉ ટ્વિટર)પર લખ્યું, સુરત લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી મુકેશભાઈ દલાલને બિનહરીફ ચૂંટાવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ. લોકસભા ચૂંટણીમાં ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ભારતીય જનતા પાર્ટીના ઐતિહાસિક વિજયની આ શરૂઆત છે. ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર ભાજપાના પ્રચંડ વિજય સાથે કમળ ખીલવાનો અને માનનીય મોદીજીના નેતૃત્વમાં #AbKiBaar400Paar નો સંકલ્પ સાકાર થવાનો આ સ્પષ્ટ સંકેત છે.

સુરતમાં ભાજપના મુકેશ દલાલ સહિત કુલ ૯ ઉમેદવારો મેદાનમાં હતા, જેમાં ચાર અપક્ષ અને ચાર અન્ય પક્ષના ઉમેદવારો હતા. સોમવારે બસપાના ઉમેદવાર પ્યારેલાલે પણ ફોર્મ પાછું ખેંચી લીધું છે તેથી ચૂંટણી જેવું કંઈ રહેતું નથી. બસપાના પ્યારેલાલ ભારતીએ કલેકટર અને એસપીને પત્ર લખીને પોલીસ રક્ષણ માંગ્યુ હતું. મુકેશ દલાલ બિનહરીફ થવાના સંકેત વચ્ચે પ્યારેલાલનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો અને તેમના ઘરે પણ તાળું હતું. ત્યાર પછી તેમણે ફોર્મ ખેંચી લીધું તે વાત સ્પષ્ટ થઈ ગઈ હતી. આ સાથે સુરત એ દેશની પહેલી બિનહરીફ બેઠક બની છે અને ભાજપની જીત થઈ છે. સુરતમાં ગઈકાલે બપોર સુધી કોંગ્રેસના ઉમેદવારના ફોર્મને લઈને ધમાલ ચાલી હતી. તેમાં જિલ્લા કલેકટરે કોંગ્રેસના નિલેશ કુંભાણી અને તેમના ડમી ઉમેદવારનુ ફોર્મ રદ કર્યું હતું. હવે મુકેશ દલાલ સિવાય કોઈ ઉમેદવાર નથી તેથી સુરતમાં કોંગ્રેસ ૭૩ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ચૂંટણી લડી શકશે નહીં. કોંગ્રેસના કાર્યકરો ગુસ્સામાં છે કારણ કે ૧૯૫૧થી અત્યાર સુધી સુરતમાં ૧૭ ચૂંટણી થઈ જેમાં દર વખતે કોંગ્રેસે ભાગ લીધો હતો. પરંતુ આ વખતે તેની નામોશીજનક સ્થિતિ છે.

છેલ્લા બે દિવસથી સુરતનો મુદ્દો દેશભરમાં ગાજ્યો છે. સુરત બેઠક પર ભાજપના મુકેશ દલાલની જીત નિશ્ચિત માનવામાં આવતી હતી ત્યારે આટલી મોટી ગેમ રમવાની શી જરૂર હતી તેવા સવાલ થાય છે. એવું કહેવાય છે કે આ વખતે જીત કરતા પણ લીડનું માર્જિન મોટો મુદ્દો છે. સી આર પાટીલે બધાને પાંચ લાખ વોટના માર્જિનથી જીતવા આહ્વાન કર્યું છે તેથી હરીફાઈમાં કોઈ ઉમેદવાર જ ન હોય તેવો પ્રયાસ થયો છે જેથી સૌથી મોટી લીડ મળી શકે. તેના કારણે તોડજોડની રાજનીતિ મોટા પાયે થઈ છે. અપક્ષ ઉમેદવારોને બેસી જવા માટે સમજાવવામાં આવ્યા હતા અને તેનું પરિણામ એ આવ્યું કે ભાજપના ઉમેદવાર સામે કોઈ ચેલેન્જ જ રહી ન હોવાથી હવે તેઓ બિનહરીફ છે અને ભાજપ અનૌપચારિક રીતે આ બેઠક જીતી ગયું છે.

---

શું તમે ક્યારેય વિચાર્યું છે કે ઉનાળામાં સાપ તેના દરમાંથી કેમ બહાર આવે છે? આ સિઝનમાં સાપ કરડવાના બનાવો કેમ વધે છે? સાપ 'ઠંડા લોહીવાળા' પ્રાણીઓ છે. આનો અર્થ એ છે કે તેઓ તેમના પોતાના શરીરનું તાપમાન જાળવી શકતા નથી. ઠંડીના દિવસોમાં પૂરતી ઉર્જા ન મળવાને કારણે સાપનું ચયાપચય ખૂબ જ ધીમું થઈ જાય છે, તેથી તેઓ ન તો ઝડપથી દોડી શકે છે અને ન તો શિકાર કરી શકે છે. તેથી જ તેઓ મોટાભાગનો સમય સૂવામાં પસાર કરે છે. એકત્રિત કરેલી ઉર્જાનો સંગ્રહ કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ જલદી ઉનાળો શરૂ થાય છે અને તાપમાન વધતા તેઓ દરમાંથી બહાર આવે છે. ઉનાળા દરમિયાન સાપને પૂરતી ઉર્જા મળે છે અને તેમનું ચયાપચય વધે છે, તેથી તેઓ અતિસક્રિય બની જાય છે. તેઓ શિકારની શોધમાં બહાર જાય છે અને પ્રજનન પણ કરે છે. નિષ્ણાતોનું કહેવું છે કે તાપમાન વધવાથી સાપનું શરીર પણ ગરમ થવા લાગે છે, જેના કારણે



તેનું મૃત્યુ પણ થઈ શકે છે. તેથી જ, તાપમાનમાં વધારો થતાં, સાપ ઠંડી જગ્યાઓની શોધમાં તેમના છિદ્રોમાંથી બહાર આવે છે અને રહેણાંક વિસ્તારોની આસપાસ દેખાવા લાગે છે. Sciencedaily.com મુજબ, ઉનાળામાં દરરોજ તાપમાનમાં વધારા સાથે સાપ કરડવાની સંભાવના લગભગ ૬% વધી જાય છે. ભારતમાં દર વર્ષે ૫,૮૦૦૦થી વધુ લોકો સાપ કરડવાથી મૃત્યુ પામે છે. જો આપણે સાપ કરડવાની ઘટનાઓ અને આંકડાઓ પર નજર કરીએ, તો આપણને જણાય છે કે મોટા ભાગના કેસ એપ્રિલ અને ઓક્ટોબર વચ્ચે નોંધાયા છે. ૮૦ ટકાથી વધુ સાપ કરડવાના કેસો ગ્રામીણ વિસ્તારોમાં થાય છે.

---

## ગ્રેજ્યુએશન કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ગુડ ન્યૂઝ : PhDમાં સીધું મળશે એડમિશન

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૨

યુનિવર્સિટી-કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક અને જુનિયર રિસર્ચ ફેલોશિપ (JRF) માટે UGC-NET જૂન ૨૦૨૪ માટે ઓનલાઈન અરજીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

MUGC ના અધ્યક્ષ પ્રો. એમ. જગદીશ કુમારે જણાવ્યું કે ચાર વર્ષની બેચલર ડિગ્રી કરી રહેલા જે વિદ્યાર્થીઓ હાલમાં ૮માં સેમેસ્ટરમાં છે તેઓ હવે સીધા PhD માટે અરજી કરી શકશે. તેના માટે કુલ ૭૫% માર્કસ અથવા તેના સમકક્ષ ગ્રેડ હોવો જરૂરી છે. ૧૬મી જૂનના રોજ UGC-NETની પરીક્ષા છે. કુમારે કહ્યું કે, આવા ઉમેદવારો જે વિષયમાં PhD કરવા માગે છે તેના માટે પેપર આપી શકે છે. ભલે તેમણે કોઈ પણ વિષયમાં ચાર વર્ષની ગ્રેજ્યુએશન ડિગ્રી કરી હોય. SC, ST, NOBC (નોન-ક્રીમી લેયર), દિવ્યાંગ, આર્થિક રીતે નબળો વર્ગ અને અન્ય કેટેગરીના ઉમેદવારો માટે ૫% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડની છૂટ આપવામાં આવી શકે છે. ૨૦૨૪-૨૫ થી યુનિવર્સિટીઓ પાસે એ તક હશે કે તેઓ માત્ર નેટ સ્કોરના આધાર પર જ PhDમાં એડમિશન આપે. UGCએ ત્રણ કેટેગરી બનાવી છે. પ્રથમ કેટેગરીમાં તે વિદ્યાર્થીઓ હશે જેઓ પીએચડીમાં એડમિશન, જેઆરએફ અને આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક માટે પાત્ર હશે. બીજી કેટેગરીમાં એવા ઉમેદવારો હશે જેઓ PhDમાં એડમિશન અને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂક માટે પાત્ર હશે અને ત્રીજી કેટેગરીમાં એવા ઉમેદવારો હશે જેઓ માત્ર PhDમાં એડમિશન માટે પાત્ર હશે. બીજી અને ત્રીજી કેટેગરીમાં NET ક્વોલિફાય વિદ્યાર્થીઓને NET સ્કોર અને ઈન્ટરવ્યુના આધારે એડમિશન મળશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ને ધ્યાનમાં રાખતા UGC સિંગલ નેશનલ એન્ટ્રન્સ ટેસ્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

---

## કુવૈતમાં પ્રથમવાર શરૂ થયું હિંદીમાં રેડિયો પ્રસારણ

કુવૈત, તા.૨૨

કુવૈતમાં પહેલીવાર હિન્દીમાં રેડિયો પ્રસારણ શરૂ થયું છે. કુવૈતના ભારતીય દૂતાવાસે આ માહિતી આપી હતી. ભારતીય દૂતાવાસે કુવૈત રેડિયો પર FM 93.3 અને AM 96.3 પર દર રવિવારે હિન્દી કાર્યક્રમ શરૂ કરવા બદલ કુવૈતના સંચાર મંત્રાલયની પ્રશંસા કરી હતી. ભારતીય દૂતાવાસે કહ્યું કે કુવૈત દ્વારા લેવામાં આવેલ આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને ભારતીય દૂતાવાસે કહ્યું હતું કે કુવૈતમાં પ્રથમ વખત હિન્દી રેડિયો પ્રસારણ શરૂ થયું! ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી દર રવિવારે (૮:૩૦ થી 9 PM) FM 93.3 અને AM 96.3 પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે ભારતીય દૂતાવાસ કુવૈતના સંચાર મંત્રાલયની પ્રશંસા કરે છે. આ પગલાથી ભારત-કુવૈત સંબંધો વધુ મજબૂત બનશે.

નોંધનીય છે કે કુવૈતમાં લગભગ ૧૦ લાખ ભારતીયો રહે છે. તે દેશનો સૌથી મોટો પ્રવાસી સમુદાય છે. કુવૈતમાં ભારતીયોને પસંદગીનો સમુદાય માનવામાં આવે છે. ઈજનેરો, ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વૈજ્ઞાનિકો, સોફ્ટવેર નિષ્ણાતો, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ, ટેકનિશિયન અને નર્સો જેવા વ્યાવસાયિકો ઉપરાંત રિટેલર્સ અને બિઝનેસમેન પણ અહીં રહે છે.

ભારત લાંબા સમયથી કુવૈતનું વેપારી ભાગીદાર છે. ૨૦૨૧-૨૦૨૨માં બંને દેશોએ રાજદ્વારી સંબંધોની ૬૦મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. ૧૭ એપ્રિલના રોજ કુવૈતમાં ભારતીય રાજદૂત આદર્શ સ્વાઈકાએ કુવૈતના નાયબ વડાપ્રધાન શેખ ફહદ યુસેફ સઉદ અલ સબા સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન ભારતીય રાજદૂતે કુવૈત દ્વારા શરૂ કરાયેલા પ્રવાસી અનુકુળ પગલાંની પણ પ્રશંસા કરી હતી.

---

### હજુ છ તબક્કા કાળઝાળ ગરમીમાં યોજાશે

## પહેલા તબક્કામાં ગરમીને લઈ ઓછા મતદાનથી ચૂંટણી પંચ પણ ચિંતિત

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૨

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતાં ઓછું મતદાન નોંધાયું હતું. જે બાદ ચૂંટણી પંચે મતદાનની નોંધાયેલ ઓછી ટકાવારી પર ચિંતા વ્યક્ત કરી છે. મોટાભાગના રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ હીટ વેવને લઈને વ્યવસ્થા સુધારવાની ખાતરી આપી છે. રાજ્ય સરકારો પણ હવે પછીના તબક્કાઓના મતદાન સમયે વધુ સારી વ્યવસ્થા માટે પગલાં લેશે. સૂત્રોના હવાલાથી આ માહિતી બહાર આવી છે.

દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં વધુ તાપમાન અને ગરમીના મોજાની આગાહીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ આજે સોમવારે સવારથી તમામ સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી રહ્યું છે. મિટિંગમાં ગરમીમાં મતદાન વધે તે માટે અને હીટવેવેના કારણે ઊભુ થનારુ જોખમ ઘટાડવાના ઉપાયો અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

આ બેઠકમાં હવામાન વિભાગ, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. દેશમાં હજુ છ તબક્કાનુ મતદાન યોજાવાનુ બાકી છે. બીજા તબક્કાનું મતદાન આગામી ૨૬મી એપ્રિલે યોજાનાર છે.

હવામાન વિજ્ઞાનના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું, 'IMD ચૂંટણી પંચના સતત સંપર્કમાં છે. હવામાનને લગતી આગાહી સાથે, અમે પ્રતિમાસ, સાપ્તાહિક અને દૈનિક આગાહીઓ કરીએ છીએ. ચૂંટણી પંચ સહીતના મહત્વના તમામ સરકારી વિભાગોને હીટવેવ અને ભેજના પ્રમાણ અંગેની આગાહી આપીએ છીએ. અમે ચૂંટણી પંચને એવા સ્થાનો વિશે ઈનપુટ્સ અને આગાહીઓ આપી રહ્યા છીએ જ્યાં ચૂંટણી બહુવિધ તબક્કામાં યોજાવાની છે. આ અગાઉ ગત, ૧૧ એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી ઉનાળાની ઋતુની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમને એપ્રિલથી જૂન ૨૦૨૪ના સમયગાળા માટેના તાપમાન વિશે માહિતી આપવામાં આવી હતી, જેમાં આગામી ઉનાળાના દિવસોમાં તાપમાનના પ્રમાણ, હીટવેવ સહીત ઉનાળા સિઝનની આગાહીઓ પણ સામેલ છે. આ પછી, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે.

પત્રકારોને સંબોધતા મહાપાત્રા કહ્યું છે કે આ ગરમીની મોસમમાં, પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ઉત્તર ઓડિશાના કેટલાક ભાગોમાં તાપમાન ઊંચુ રહેવાનું છે. હીટવેવની અસર વિશે વાત કરતા IMDના ડાયરેક્ટર જનરલે કહ્યું કે હીટવેવ દરમિયાન તાપમાનમાં વધારો થવાનું જોખમ ઊભું થાય છે.

---

## આઈઆરસીટીસી કરાવશે સાત જ્યોતિર્લિંગનાં દર્શન

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૨

IRCTC એ ભક્તો માટે જ્યોતિર્લિંગના દર્શન માટે એક પેકેજ તૈયાર કર્યું છે. આ પેકેજ અનુસાર, IRCTC ભક્તોને અલગ-અલગ જ્યોતિર્લિંગના દર્શન કરાવશે. આ યાત્રા ૨૨ મેથી શરૂ થશે અને શ્રદ્ધાળુઓ આ યાત્રા ટ્રેન મારફતે કરી શકશે. તેની કુલ સમય મર્યાદા ૧૨ દિવસની રહેશે. ૧૨ દિવસમાં ભક્તો સાત અલગ-અલગ જ્યોતિર્લિંગના દર્શન કરશે.

આઈઆરસીટીસીમાં જે ૭ જ્યોતિર્લિંગની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં ભક્તોને ઓમકારેશ્વર મહાદેવ, મહાકાલેશ્વર મહાદેવ, સોમનાથ, ભેંટ દ્વારકા, દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર મહાદેવ, ત્ર્યંબકેશ્વર મહાદેવ, ઘૃષ્ણેશ્વર મહાદેવ અને ભીમવીર મહાદેવના દર્શન કરાવવામાં આવશે. IRCTCની યોજના અનુસાર, ૨૨ મેથી શરૂ થનારી આ યાત્રામાં શ્રદ્ધાળુઓ ૧૨ દિવસમાં આ તમામ ૭ જ્યોતિર્લિંગના દર્શન કરી શકશે.IRCTCના પ્લાન મુજબ જે ટ્રેન આ પ્રવાસ પર જશે તેમાં કુલ ૭૬૭ સીટો છે. જેમાં સ્લીપર ક્લાસમાં મુસાફરી કરનાર દરેક વ્યક્તિએ ૨૨,૧૫૦ રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે થર્ડ એસીમાં મુસાફરી કરનાર દરેક વ્યક્તિએ ૩૬,૭૦૦ રૂપિયા ચૂકવવા પડશે અને સેકન્ડ એસીમાં મુસાફરી કરનાર દરેક વ્યક્તિએ ૪૮,૬૦૦ રૂપિયા ચૂકવવા પડશે. આ યાત્રા સરળ હપ્તા પર પણ કરી શકાય છે. યાત્રીઓ દર મહિને માત્ર ૧૦૭૪ રૂપિયાની EMI ચૂકવીને આ પેકેજ મેળવી શકે છે. ઈન્ડિયન રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) અનુસાર, આ પ્રવાસ માટેનું પેકેજ IRCTC ઓફિસમાંથી બુક કરી શકાય છે.આ પેકેજની સુવિધા પહેલા આવો પહેલા સેવાના ધોરણે આપવામાં આવશે. પ્રવાસીઓએ આ ધાર્મિક પર્યટન માટે IRCTCની સત્તાવાર વેબસાઈટ પર જઈને બુકિંગ કરાવવું પડશે, જેની લિંક www.irctctourism.com છે. આ ટ્રેન ૨૨મી મેના રોજ ઋષિકેશ રેલવે સ્ટેશનથી દોડશે અને આ ૧૨ દિવસનું સંપૂર્ણ રેલ પ્રવાસન પેકેજ છે. આ પેકેજમાં, સ્લીપરથી મુસાફરી કરનારાઓએ ૨૨ હજાર રૂપિયા ખર્ચવા પડશે, જ્યારે એસી કોચમાં મુસાફરી કરનારાઓએ અનુક્રમે ૩૬ હજાર અને ૪૮ હજાર રૂપિયા ચૂકવવા પડશે.

---

### પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડમાં મોટો ચુકાદો

## પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગે કરેલી આશરે ૨૪ હજાર ભરતી રદ

એજન્સી દ્વારા

કોલકાતા, તા.૨૨

સરકારી સ્કૂલ શિક્ષક ભરતી કૌભાંડમાં પશ્ચિમ બંગાળ સરકારને કલકત્તા હાઈકોર્ટનો મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગે કરેલી આશરે ૨૪ હજાર ભરતી જ રદ કરી દીધી છે. આ તમામ ભરતી માટે રૂ. પાંચથી ૧૫ લાખ સુધીની લાંચ લીધી હોવાનો આરોપ છે. આ ભરતી કૌભાંડમાં પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી, તૃણમૂલના કેટલાક પદાધિકારીઓ તેમજ રાજ્ય શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ જેલમાં છે. કોલકાતા હાઈકોર્ટના આદેશ પછી ઈડી અને સીબીઆઈએ આ તપાસ હાથ ધરી હતી.

અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૧૪માં પશ્ચિમ બંગાળના સ્ટાફ સિલેકશન કમિશને શિક્ષકોની ભરતી માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. તે સમયે પશ્ચિમ બંગાળના શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી હતા. આ ભરતી પ્રક્રિયા ૨૦૧૬માં શરૂ થઈ હતી. પરંતુ અરજદારોએ ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ લગાવ્યા હતા અને કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજદારોનો આક્ષેપ હતો કે, ઓછા નંબરો હોવા છતાં, નોકરીઓ આપવામાં આવી હતી, જ્યારે નોકરી મેળવનાર મોટાભાગના લોકોએ ્ઈ્ પાસ કરી ન હતી.

લગભગ પાંચ વર્ષ સુધી આ મામલાની સુનાવણી ચાલી હતી. બાદ મે ૨૦૨૨માં હાઈકોર્ટે સીબીઆઈને આ ભરતીની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. ફરિયાદીઓએ ભરતી માટે ૫થી ૧૫ લાખ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. આવી સ્થિતિમાં ઈડીએ મની લોન્ડરિંગના એંગલથી પણ શિક્ષક ભરતી કૌભાંડની તપાસ કરી હતી. પુરાવા મળ્યા બાદ ઈડીએ પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી અને તેની નજીકની સહયોગી અર્પિતા મુખરજીની ધરપકડ કરી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાર્થ ચેટરજીને પદ પરથી હટાવી દીધા હતા.

શિક્ષક ભરતી કૌભાંડમાં અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે, જે ઉમેદવારોના માર્ક્સ ઓછા હતા તેમને મેરિટ લિસ્ટમાં ઊંચા હોદ્દા આપવામાં આવ્યા હતા. કેટલીક ફરિયાદો એવી પણ હતી, જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે કેટલાક ઉમેદવારોના નામ મેરિટ લિસ્ટમાં ન હોવા છતાં તેમને નોકરી આપવામાં આવી હતી. કેટલાક ઉમેદવારોને નોકરી આપવામાં આવી હતી જેમણે ્ઈ્ પરીક્ષા પણ પાસ કરી નથી. જ્યારે રાજ્યમાં શિક્ષકની ભરતી માટે ્ઈ્ પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે.

ઈડીએ આ કેસમાં ૨૦૨૨માં તપાસ શરૂ કરી હતી. ૨૨મી જુલાઈના રોજ ઈડીએ પાર્થ ચેટરજીના ઘર સહિત ૧૪ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન ઈડીને અર્પિતા મુખરજીની સંપત્તિના દસ્તાવેજો મળી આવ્યા હતા. જ્યારે પાર્થ ચેટર્જીને અર્પિતા વિશે પૂછવામાં આવ્યું તો તેમને સંતોષકારક જવાબ મળ્યો નહીં.

આ પછી અર્પિતા મુખરજી ઈડીના રડાર પર આવી ગયા હતા. જ્યારે ઈડીએ અર્પિતાના ફ્લેટ પર દરોડા પાડ્યા ત્યારે તેમને લગભગ ૨૧ કરોડ રૂપિયા રોકડા, ૬૦ લાખ રૂપિયાની વિદેશી ચલણ, ૨૦ ફોન અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા. અર્પિતા એક મોડલ છે. તે બંગાળી અને ઓડિશાની ફિલ્મોમાં નાના રોલ કરી રહી છે. આ ઉપરાંત ઈડીએ અર્પિતાના અન્ય સ્થળો પર પણ દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ઈડીએ અર્પિતાના ઘરેથી ૨૭.૯ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરી હતી. આ સિવાય ઈડીને ૪.૩૧ કરોડ રૂપિયાનું સોનું મળ્યું હતું.

# મંગલમ વર્લ્ડવાઈડનો નાણાકીય વર્ષ ૨૪ના ચોથા ત્રિમાસિકનો કર બાદ નફો ૭૫% ઉછળ્યો

એજન્સી દ્વારા

મંગલમ વર્લ્ડવાઈડ લિમિટેડ (MWL) (NSE EMERGE – MWL), એક સંપૂર્ણ સંકલિત સ્ટેનલેસ-સ્ટીલ કંપની છે, તેણે નાણાકીય વર્ષ ૨૪ના ચોથા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ ૨૪ માટેના ઓડિટેડ નાણાકીય પરિણામોની જાણ કરી છે.

**એકીકૃત મુખ્ય નાણાકીય બાબતો:**

**નાણાકીય વર્ષ ૨૪ ચોથું ત્રિમાસિક:**

- રૂ.૨૩૯.૦૩ કરોડની કુલ આવક, ૧૧.૪૨%ની વાર્ષિક વૃદ્ધિ
- EBITDA રૂ.૧૩.૯૬ કરોડ, ૩૫.૬૬%ની વાર્ષિક વૃદ્ધિ
- EBITDA માર્જિન ૫.૮૪%, ૧૦૪બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- રૂ.૧૧.૮૧ કરોડનો કર બાદ નફો, ૭૫.૪૪%ની વાર્ષિક વૃદ્ધિ
- ૪.૯૪%નું કર બાદ નફા માર્જિન, ૧૮૦બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- શેર દીઠ કમાણી રૂ. ૪.૪૯, ૩૦.૯૦%ની વાર્ષિક વૃદ્ધિ

**નાણાકીય વર્ષ ૨૪:**

- રૂ.૮૨૨.૪૭ કરોડની કુલ આવક, ૨૭.૨૧%ની વાર્ષિક વૃદ્ધિ
- EBITDA રૂ.૪૨.૫૨ કરોડ, ૧૦૩.૨૩%ની વાર્ષિક વૃદ્ધિ
- EBITDA માર્જિન ૫.૧૭%, ૧૯૩બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- રૂ.૨૨.૯૮ કરોડનો કરબાદ નફો, ૩૦.૭૩%ની વાર્ષિક વૃદ્ધિ
- ૨.૭૯%નું કર બાદ નફા માર્જિન, ૭બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- શેર દીઠ કમાણીરૂ.૮.૪૫, ૧૧.૭૭%ની વાર્ષિક વૃદ્ધિ

# EDII પોતાનો ૪૨મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો

એજન્સી દ્વારા

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII), અમદાવાદ એ શનિવારે ૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ સંસ્થાના કેમ્પસમાં પોતાનો ૪૨મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો.



આ અવસરે મુખ્ય મહેમાન તરીકે મેઘાલય સરકારના સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન તેમજ EDII બોર્ડના સભ્ય IAS શ્રી રામ મોહન મિશ્રા તેમજ અન્ય મહાનુભાવોમાં ઈડીઆઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ ચેરમેન તેમજ SIDBIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડૉ. શૈલેન્દ્ર નારાયણ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. નીરજા એ ગુપ્તા, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. રાજુલ કે ગજ્જર, ઈડીઆઈ ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લા તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન ઈડીઆઈના ડિરેક્ટર ડૉ. સત્ય રંજન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગર્વમેન્ટ, કોર્પોરેટ્સ, ઈન્ડસ્ટ્રી એસોસિશેન તેમજ શિક્ષણવિદોએ આંત્રપ્રિન્યોરશિપ, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન એ દેશના સામાજિક-આર્થિક વિકાસને કેવી રીતે અસર કરી રહ્યું છે એ બાબત પર સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ અવસરે શ્રી રામ મોહન મિશ્રાએ કહ્યું કે, "ઉદ્યોગ સાહસ એક ચળવળથી ઓછું નથી અને EDII એ આ ચળવળની પહેલ કરી છે. આજે આપણે બધા એક નવા યુગના પ્રારંભને જોઈ રહ્યા છીએ. વિશ્વ આજે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાને ઓળખતું થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ મોટા પાયે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપી રહી છે. આ ઉપરાંત તમામ સ્ટાર્ટ અપને ખૂબ સપોર્ટ મળી રહ્યો છે.

ભારત નવીન, સ્ટાર્ટ-અપ ઓરિએન્ટેડને વિકસિત કરવા માટે મજબૂત જ્ઞાન, નીતિ અને સહાયક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. હું ગર્વ સાથે કહું છું કે ભારત એક મહાન સ્થળ છે અને આપણી પાસે સાનુકૂળ નીતિઓ, ગ્લોબલ ટેક્નોલોજી અને માર્કેટ તેમજ નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બેસ્ટ એન્વાર્યમેન્ટ ઉપલબ્ધ છે. આ ઉપરાંત પ્રગતિશીલ ઈકોસિસ્ટમ ઉદ્યોગસાહસિકતાના વિકાસ માટે એક મહાન સહાયક બનશે.મને ગર્વ છે કે આપણી પાસu EDII જેવી સંસ્થાઓ છે જે ટ્રેનિંગ, ઈન્ક્યુબેશન, કેપેસિટી બિલ્ડિંગ અને હેન્ડહોલ્ડિંગ દ્વારા દરેક પ્રયાસોને પૂરક બનાવી રહી છે. મારી EDIIને ખુબ ખુબ શુભેચ્છાઓ ."

## કાર્ટૂન કોર્નર




# એલ્ગીએ ઓઈલ-લ્યૂબ્રીકેટેડ સ્ક્રુ એર કોમ્પ્રેસર્સની નવી ઈજી સુપર પ્રિમીયમ રેન્જ રજૂ કરી

એજન્સી દ્વારા

વિશ્વમાં અનેક અગ્રણી એર કોમ્પ્રેસર ઉત્પાદકોમાંની એક એલ્ગી ઈક્વિપમેન્ટ્સ એ ઈજી એસપી (સુપર પ્રિમીયમ) રજૂ કર્યા છે, જે ઓઈલ-લ્યૂબ્રીકેટેડ સ્ક્રુ એર કોમ્પ્રેસર્સની વિખ્યાત ઈજીસિરીઝના પોર્ટફોલિયોમાં એક નવુ ઉમેરણ છે. આ નવા મશિનો કોમ્પ્રેસ્ડ એર ટેકનોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ રજૂ કરે છે, જે ૧૫% સુધીની નોંધપાત્ર ઉર્જા કાર્યક્ષમતા વધારો ઓફર કરે છે, તેમજ વોરંટી અને કામગીરીની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે ઉપરાંત ૯૦-૧૧૦ુ કોમ્પ્રેસર શ્રેણીમાં નીચા ખર્ચવાળુ આયુષ્યચક્ર ધરાવે છે. ISAAME (ઈન્ડિયા, સાઉથ એશિયા, આફ્રિકા અને મિડલ ઈસ્ટ)ના અને એલ્ગી ઈક્વીપમેન્ટ્સ લિમિટેડના જીઈછ(સાઉથ ઈસ્ટ એશિયા)ના પ્રેસિડન્ટ ભાવેશ કારીયાએ જણાવ્યુ હતુ કે, "એલ્ગી ખાતે અમારા ગ્રાહકો અને પર્યાવરણ માટે




ટેકનોલોજીકલ પ્રગતિઓ અને દેખાતી કાર્યક્ષમ વધારાને સંરેખિત કરવી તે અમારી અડગ પ્રતિબદ્ધતા છે. ઈજીસુપર પ્રિમીયમ સાથે, અમે ઊંચી કામગીરી ડિલીવર કરવા માટેની શોધમાં અમે એક મોટુ પગલું ભર્યુ છે, ત્યારે કોમ્પ્રેસ્ડ એર ટેકનોલોજીમાં કાર્યક્ષમતા અને નિર્ભરતા માટે એક નવા માપદંડ પણ સ્થાપિત કરી રહ્યા છીએ. કોમ્પ્રેસરના કુલ આયુષ્યમાંથી ૮૦% ઉર્જા ખર્ચને આભારી છે ત્યારે ઈજી સુપર પ્રિમીયમ કોમ્પ્રેસર્સ ઉર્જા કાર્યક્ષમતામાં ૧૫%નો અદભૂત વધારો કરે છે. ઉત્પાદકીય સાહસો માટે ઉર્જા કાર્યક્ષમતા અને પર્યાવરણીય ફરજો પર ભાર મુકતા જરૂરિયાત અનુસાર બનાવવામાં આવ્યા હોવાથી આ અદ્યતન યુનિટ્સ માલિકીપણાના પેકેજના અત્યંત ઉચ્ચ સક્ષમ કુલ ખર્ચ સાથે તેમના નવીન ફીચર્સ મારફતે નોંધપાત્ર ઉર્જા બચતનું વચન આપે છે."નવું એલ્ગી ઈજીએસપીયુનિટમાં નવીન રચના કરાયેલ બે તબક્કાવાળા એરએન્ડઝ ધરાવે છે, જેમાં સાબિત થયેલી ?-ફ પ્રોફાઈલનો સમાવેશ થાય છે જે કોમ્પ્રેસનની એકંદરે પ્રક્રિયાને ઈષ્ટતમ બનાવતી હોવાથી ચોક્કસ વીજ ખર્ચમાં ૧૫% સુધીની બચતમાં પરિણમે છે. લો-સ્પીડ એરએન્ડઝ અને પ્રત્યેક તબક્કમાં હળવા લોડ સાથે તે કોમ્પોનન્ટનું વિસ્તરિત આયુષ્ય ધરાવે છે. તેના સિવાયૈં ઈ૪ સુપર પ્રિમીમય મોટર્સ, એડવાન્સ્ડ ડિઝિન અને અદ્યતન ટેકનોલોજીના સરળ સંકલનને સક્ષમ બનાવે છે.

# ભારતના સૌથી મોટા CLM ફેશન ટીવી રિયાલિટી શોનું નીલ પટેલ પ્રતિનિધિત્વ કરશે

એજન્સી દ્વારા

અમદાવાદ ખાતે ૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઈન્ડિયા બિગેસ્ટ ફેશન ટીવી રિયાલિટી શોના ઓડિશનમાં નીલ પટેલની પસંદગી થઈ છે. હવે ઈન્ડિયાના સૌથી મોટા ઝન્સ ફેશન ટીવી રિયાલિટી શોનું નીલ પટેલ પ્રતિનિધિત્વ કરશે.

આ અંગે વાત કરતા નીલ પટેલે કહ્યું કે, સેલિબ્રેટિંગ લુક મોડેલિંગ એકેડમી(ઝન્સ)ના શ્રી કિશુ ચાવલા દ્વારા આયોજીત ઈન્ડિયા બિગેસ્ટ ફેશન ટીવી રિયાલિટી શોના ઓડિશનમાં મારી પસંદગી થઈ છે. આ ઓડિશનમાં કુલ ૬૦ જેટલા પાર્ટિસિપેન્ટ હતા, જેમાંથી ૨૦ લોકોની પસંદગી કરવામાં આવી છે. મને ગર્વ છે કે હું આ ૨૦માં મારી પસંદગી થઈ છે. હવે ફાઈનલ જૂન ૨૦૨૪માં યોજાશે.



પોતાના પ્રોફેશનલ અને એજ્યુકેશનલ કરિયર વિશે વાત કરતા નીલે કહ્યું કે, હું પ્રોફેશનલ કરાટે એથ્લેટની સાથે- સાથે એક ઈન્ટરનેશનલ મોડલ પણ છું. એક સ્પોર્ટ્સ પર્સન તરીકે હું મારી ફિટનેસનો ઘણો ફાયદો પણ ઉઠાવી રહ્યો છું જેમ કે, હાલમાં મારી મોડલિંગ કારકિર્દીમાં તેનો ઉપયોગ કરી રહ્યો છું. હું આ ક્ષેત્રમાં ૫ વર્ષથી વધુ સમયથી જોડાયેલો છું. હાલમાં હું મ્મ્છનો અભ્યાસ કરી રહ્યો છું. એટલું જ નહીં, મારું લક્ષ્ય ફેમશ મોડલ બનવાનું અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું અને ઈન્ટરનેશનલ બ્રાન્ડ જેમ કે પુમા અને એડિડાસ સાથે કામ કરવાનું છે.

# નિસાન મોટર ઈન્ડિયા નવી દિલ્હીમાં તેનું નેટવર્ક વિસ્તરણ કરે છે, તેમના ટચપોઈન્ટ્સ ૨૭૦ એ પહોંચ્યા

એજન્સી દ્વારા

નિસાન મોટર્સ ઈન્ડિયા પ્રા. લિ. (એનએમઆઈપીએલ), જાહેર કરે છે કે, દિલ્હીમાં એકસાથે ચાર નવા ગ્રાહક ટચપોઈન્ટ લોન્ચ કરતા ભારતમાં તેના નેટવર્કને ૨૭૦ ટચપોઈન્ટ્સ સુધી વિસ્તરણ થયાની જાહેરાત કરી છે, તેમાં એક શો રૂમ, ૨ ડિસ્પ્લે સેન્ટર્સ અને એક સર્વિસ સેન્ટરની સાથે એક બોડી શોપનો સમાવેશ થાય છે. નવા ટચપોઈન્ટ્સની રજૂઆત એ નવી દિલ્હીના ગ્રાહકો સમક્ષ નિસાનની હાઈ-ક્વોલિટી વેચાણ તથા સર્વિસ અનુભવ લઈને આવે છે અને નિસાનની ગ્રાહક કેન્દ્રિત સફરમાં નોંધપાત્ર સિમાચિન્હ છે.

નવા જ્યુબિલન્ટ નિસાન શોરૂમનું ઉદ્ઘાટન આજે શ્રી ફ્રેંક ટોરેસ, પ્રેસિડેન્ટ, નિસાન ઈન્ડિયા ઓપરેશન્સ અને શ્રી સૌરભ વત્સા, એમડી, નિસાન મોટર ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. અનુભવી પ્રોફેશનલ્સની સમર્પિત ટીમ



સાથે, ડીલરશીપનો ઉદ્દેશ અજોડ સેવા પ્રદાન કરવાનો છે, જેથી ગ્રાહકોને તેમની મુસાફરીના દરમિયાન શક્ય શ્રેષ્ઠ સહાયતા મળે તે ધ્યાન રાખવાનો છે.

ન્યુ ટચપોઈન્ટ્સ નિસાનની પહોંચને વિસ્તારીત કરે છે અને ગ્રાહકોની તમામ ઓટોમોટિવ આવશ્યક્તાઓ માટે વન-સ્ટોપ શોપ પૂરી પાડીને અજોડ મૂલ્ય પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. તેઓ બ્રાન્ડની પહોંચને વધુ વિસ્તૃત કરે છે અને ગ્રાહકો માટે અદભુત સુલભતા પ્રદાન કરે છે.

શ્રી ફ્રેંક ટોરેસ, પ્રેસિડેન્ટ, નિસાન ઈન્ડિયા ઓપરેશન્સ કહે છે, "આ નવા ગ્રાહક ટચપોઈન્ટ્સનો ઉમેરો શ્રેષ્ઠતાને અનુસરવા અને અમારા ગ્રાહકોને દરેક પગલા પર સેવા આપવા માટેની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ગ્રાહકના અનુભવને વધુ સારા કરવાના નિર્ણયમાં ગ્રાહકોના ફંડામેન્ટલ્સ પણ એટલા જ જરૂરી છે. અમારા ગ્રાહકોને સહયોગ આપવા તથા ભારતીય બજારમાં અમારી હાજરી મજબૂત બનાવવા સતત સપોર્ટ પૂરો પાડવા પ્રયત્નશીલ છીએ."

શ્રી સૌરભ વત્સા, મેનેજિંગ ડિરેક્ટર, નિસાન મોટર્સ ઈન્ડિયા પ્રા. લિ. (એનએમઆઈપીએલ) કહે છે, "નવા કસ્ટમર ટચપોઈન્ટ્સની રજૂઆતની સાથે અમે અમારા ફૂટપ્રિન્ટ્સનું વિસ્તરણ કરીએ છીએ, અમે ગ્રાહક અનુભવને વધારવા માટે, અમારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરીએ છીએ. દરેક માઈલસ્ટોન ગ્રાહકો અને મુખ્ય હિસ્સેદારોને અજોડ સમર્થન પૂરું પાડવાના અમારા સતત પ્રયાસોને દર્શાવે છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે એક દિવસીય રોબોટિક્સ વર્કશોપ "નૉ યોર રોબોટ્સ"નું આયોજન

ગુજરાત સાયન્સ સિટીની રોબોટિક્સ ગેલેરીમાં ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ એક દિવસીય 'નૉ યોર રોબોટ્સ' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની રસપ્રદ દુનિયામાં સંશોધન કરવા અને પ્રેરણા આપવાનો તેમજ વિદ્યાર્થીઓને રોબોટિક્સ ક્ષેત્રમાં રિસર્ચ અને ડેવલપમેન્ટથી સજ્જ કરીને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરવાનો હતો, જેથી ભવિષ્યમાં તેઓ આ ક્ષેત્રમાં આગળ વધી શકે અને સંશોધનો કરીને દેશની તકનીકી પ્રગતિને આકાર આપી શકે. આ વર્કશોપમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમને રોબોટિક્સ ગેલેરીના પાંચ ટેક્નિકલ ટ્યુટર દ્વારા વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રોબોટિક્સ



વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ડ્રોન, હેક્સાપોડ્સ, ક્રૈરૂ અને સેન્સર-આધારિત રોબોટ્સ સહિત વિવિધ રોબોટ્સની આંતરિક કામગીરીનું અન્વેષણ કર્યું હતું તથા તેમના મિકેનિઝમ્સ અને એપ્લિકેશન્સ વિશે ઊંડી સમજ મેળવી હતી. થિયરી સત્રમાં વિદ્યાર્થીઓને ઈમેજ પ્રોસેસિંગ અને સેન્સર આધારિત એપ્લિકેશનની મૂળભૂત બાબતોની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ DIY રોબોટિક્સ કિટ દ્વારા પ્રયોગો કરીને પ્રારંભિક કક્ષાના રોબોટ્સ બનાવ્યા હતા. વર્કશોપ પછી સહભાગી વિદ્યાર્થીઓને ટેક્નિકલ નિષ્ણાતોની આગેવાની હેઠળ રોબોટિક્સ ગેલેરીની ટૂર પણ કરાવવામાં આવી હતી. જે ટૂરમાં મેડિકલ રોબોટ્સ, સર્ચ અને રેસ્કયુ રોબોટ્સ, બેડમિન્ટન રોબોટ, વગેરે જેવા ૫૦ થી વધુ વિશિષ્ટ શ્રેણીના રોબોટ્સ તથા તેમની અનન્ય સુવિધાઓ, ક્ષમતાઓ અને વાસ્તવિક દુનિયાની એપ્લિકેશન્સ કઈ રીતે કામ કરે છે તે બતાવવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આવા વર્કશોપની સાથે સાથે ગુજરાત સાયન્સ સિટીની રોબોટિક્સ ગેલેરીમાં કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને રોબોટિક્સના ક્ષેત્રમાં રસ ધરાવતા લોકો માટે પાયથોન, પિક્સહૉક, સી-લેંગ્વેજ અને આર્ડ્યુનો પ્રોગ્રામિંગ, છૈં, રોબોટિક્સ ઑપરેશન સિસ્ટમ્સ અને CAD પરના બેઝિક અને એડવાન્સ લેવલના કોર્સ પણ ચલાવવામાં આવે છે.

# એપ્રિલિયા ઈન્ડિયા દ્વારા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોન અબ્રાહમનું નામ જાહેર

એજન્સી દ્વારા

ઉચ્ચ કામગીરીની મોટરસાઈકલોની નામાંકિત ઉત્પાદક એપ્રિલિયા દ્વારા બ્રાન્ડના આકર્ષક પોર્ટફોલિયોની આગેવાની કરવા ભારતમાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોન અબ્રાહમનું નામ જાહેર કરવામાં આવ્યું છે. ખુદ મોટરસાઈકલનો ચાહક જોન અબ્રાહમ દેશમાં સુપરબાઈક સંસ્કૃતિને પ્રજ્જ્વલિત કરતાં આદર્શ જોડાણ આલેખિત કરે છે. એપ્રિલિયાએ ભારતીય બજાર માટે વિધિસર રીતે તેનો વ્યાપક સુપરબાઈક પોર્ટફોલિયો ઈજીફ૪ ફેક્ટરી, ઈજી૬૬૦, ટ્યુનો ૬૬૦ અને તુરેગ ૬૬૦ રજૂ કરવામાં આવી છે, જે દેશમાં સુપરબાઈકના શોખીનો માટે મહત્ત્વપૂર્ણ અવસર છે. આ સર્વ સુપરબાઈક ભારતમાં એપ્રિલિયા મોટોપ્લેક્સ ડીલરશિપ થકી કમ્પ્લીટ્લી બિલ્ટ-અપ યુનિટ્સ (સીબીયુ) તરીકે ઉપલબ્ધ છે.

એપ્રિલિયા ઈન્ડિયા એપ્રિલિયાનો સમર્પિત ચાહક જોન અબ્રાહમનું બ્રાન્ડ એમ્બેસેડર તરીકે આ કારવામાં ગૌરવની લાગણી થાય છે. જોન અબ્રાહમ સાથે આ ભાગીદારી સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટથી પણ વિશેષ છે. ઉચ્ચ કામગીરીની મોટરસાઈકલો માટે અબ્રાહમની લગની એપ્રિલિયાના રેસિંગના વારસા અને લીગસી સાથે ઉત્તમ રીતે સુમેળ સાધે છે. તે પરફોર્મન્સ બાઈકિંગના શોખીનોના ભારતના વધતા સમુદાય સાથે સુમેળ સાધે છે. તે બ્રાન્ડ એમ્બેસેડર સાથે તેનો અસલી ચાહક છે, જે રાઈડર તરીકે એપ્રિલિયાના જોશને આલેખિત કરે છે.જોન અબ્રાહમે એપ્રિલિયા ઈન્ડિયાનો પરફોર્મન્સ પોર્ટફોલિયો રજૂ કરતાં જણાવ્યું હતું કે, "મને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે એપ્રિલિયા સાથે સહયોગ સાધવાની ખુશી છે.

# પીબીપાર્ટનર્સ એન્યુઅલ ફ્લેગશિપ બિઝનેસ મીટ, શપથ ૩.૦ ખાતે તેના ફ્યુચર- રેડી વિઝનનું અનાવરણ કરે છે

એજન્સી દ્વારા

પીબીપાર્ટનર્સ, પોલિસીબજારની PoSP આર્મ, તાજેતરમાં ગુડગાંવમાં યોજાયેલી તેની ફ્લેગશિપ એન્યુઅલ બિઝનેસ મીટ, શપથ ૩.૦ ની સફળ પરાકાષ્ઠાની ગર્વપૂર્વક ઘોષણા કરી. આ ઈવેન્ટે ભારતીય વીમા ક્ષેત્રમાં નવીનતા, તકનીકી પ્રગતિ અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા માટે પીબી પાર્ટનર્સની પ્રતિબદ્ધતાનું અનાવરણ કર્યું. શપથ એ પીબી પાર્ટનર્સ ખાતે મુખ્ય હિતધારકોની વાર્ષિક બેઠક છે જે વર્ષ કેવું પસાર થયું, નવા નાણાકીય વર્ષ માટેના લક્ષ્યો અને વ્યવસાયને અપસ્કેલ કરવાની વ્યૂહરચનાઓ અને એજન્ટ ભાગીદારો વચ્ચે નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા માટે ચર્ચા કરે છે. તેઓએ એ પણ ચર્ચા કરી કે કેવી રીતે પીબી પાર્ટનર્સ કસ્ટમર ઓફર કરીને ગ્રાહકોના પેઈન-



પોઈન્ટ્સને હળવા કરવામાં સક્ષમ છે.

સરીને વધુમાં ઉમેર્યું હતું કે "ગયા વર્ષે અમારા પ્રયાસો, ડિજિટલ કાર્યક્ષમતા, વિશાળ એજન્ટ પાર્ટનર નેટવર્ક અને ઉત્પાદનોની શ્રેણી સાથે, મેટ્રોની બહારના સંરક્ષણ તફાવતને દૂર કરવા માટે ઉદ્યોગની સામૂહિક દ્રષ્ટિ સાથે સંરેખિત રહ્યા છે. આગામી વર્ષ માટે અમારું ધ્યેય એક મજબૂત અને ટકાઉ બિઝનેસ મોડલનું નિર્માણ કરવાનું છે જે ટેક્નોલોજી અને ડેટાના સ્તંભો પર નિશ્ચિતપણે લંગરાયેલું માપનીયતા પર ખીલે છે. એજન્ટ ભાગીદારો, ગ્રાહકો અને વીમા કંપનીઓ સાથેના લગભગ ત્રણ વર્ષના સહયોગથી અમારી મૂલ્યવાન આંતરદષ્ટિનો લાભ ઉઠાવીને, અમે વિશ્વાસ પર આધારિત એક સીમલેસ ભાગીદાર અનુભવ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. ૪૦૦ શહેરો અને ૧૭,૦૦૦ પિન કોડ્સમાં ફેલાયેલા એક અદ્યતન પ્લેટફોર્મ સાથે અમારા ભાગીદારોને સશક્ત કરીને, અમારું લક્ષ્ય માત્ર દેશની લંબાઈ અને પહોળાઈ સુધી જ નહીં, પણ ભારતના ઊંડાણ સુધી અમારી પહોંચને વિસ્તારવાનું છે. આ વર્ષે અમારા માટે અન્ય મુખ્ય ફોકસ ક્ષેત્ર ગ્રાહક-કેન્દ્રિત નવીનતાઓ છે જે ભારતીયોને ઉહ્ઠ - મૃત્યુ, રોગ અને દિવ્યાંગતા સામે આર્થિક રીતે રક્ષણ કરવામાં મદદ કરશે. અમારું મિશન માત્ર વીમા વ્યવહારોને સરળ બનાવવાનું નથી પણ અમારા એજન્ટ ભાગીદારોને બૌદ્ધિક અને નાણાકીય બંને રીતે સશક્ત બનાવવાનું છે.

# પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ વડોદરાએ વિશ્વના ટોચના ફ્રીસ્ટાઈલ ફૂટબોલરની યજમાની કરી

એજન્સી દ્વારા

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ વડોદરાના વિદ્યાર્થીઓ ની હૃદય પૂર્વક પ્રશંશા કરવા જેવી છે કારણ કે તેણે વડોદરાની પ્રથમ મુલાકાતે વિશ્વના ટોચના ૧૦ ફૂટબોલ ફ્રીસ્ટાઈલર્સ અને મલ્ટીપલ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડરમાં સ્થાન મેળવનાર જેમી નાઈટની યજમાની કરી હતી. જેમી વિશ્વના સૌથી અનુભવી અને સૌથી વધુ માંગમાં રહેલા પ્રોફેશનલ ફૂટબોલ ફ્રીસ્ટાઈલર્સમાંના એક છે. પોદાર એજ્યુકેશન નેટવર્કની પહેલના ભાગરૂપે ભારતની તેમની ત્રીજી મુલાકાતમાં રમતગમત પર ભારોભાર ધ્યાન કેન્દ્રિત કરવા અને તેમના વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે વખાણાયેલા ખેલાડીઓ અને કોચ પાસેથી શ્રેષ્ઠ વર્કશોપ અને તાલીમ સત્રો મેળવવા સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

વિદ્યાર્થીઓની ઉર્જા અને જુસ્સાથી એટલા જ ઉત્સાહિત,પોદાર એજ્યુકેશન



નેટવર્કના ડિરેક્ટર શ્રી હર્ષ પોદારે જણાવ્યું હતું કે,"જેમીના વર્કશોપ્સ સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી ધ્યાન અને હેતુને પાછા લાવે છે અને તેને વધુ શાર્પ બનાવે છે. "મોર ધેન ગ્રેડસ"ની અમારી માન્યતામાં અમે મક્કમ છીએ, અમે ઈચ્છીએ છીએ કે અમારા વિદ્યાર્થીઓ તેઓ જે પણ કરે છે તેમાં આવી વર્કશોપમાંથી શીખવાનું અનુકરણ કરે, પછી ભલે તે શૈક્ષણિક હોય કે બિન શૈક્ષણિક. અમે એવી પણ આશા રાખીએ છીએ કે અમારા વિદ્યાર્થીઓ માટે તેમના પ્રારંભિક વર્ષો દરમિયાન આવી રોમાંચક તકો તેઓને આખરે સૌથી મોટા તબક્કામાં દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે મદદ કરશે."

વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલી આતુરતાથી ઉત્સાહિત જેમી નાઈટે કહ્યું, "પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યે આટલો ઉત્સાહ, પ્રતિભા અને જુસ્સો છે તે જોવું અદ્ભુત હતું. ખરેખર એવું કોઈ કારણ નથી કે ભારત ફૂટબોલની રમતમાં વૈશ્વિક ખેલાડી ન બની શકે અને કદાચ ટૂંક સમયમાં ફૂટબોલ વર્લ્ડ કપમાં પણ ભાગ લે તેવી આશા છે. મને અહીં આવવું ગમ્યું, અને આશા છે કે હું જલ્દી પાછો આવી શકું." જેમી ફૂટબોલ પર તેના જબરદસ્ત નિયંત્રણ માટે જાણીતા છે અને તેમણે વિશ્વભરમાં પ્રવાસ કર્યો છે અને પ્રખ્યાત વૈશ્વિક બ્રાન્ડ્સ સાથે સહયોગ કર્યો છે. તેણે ઈઈ ૨૦૨૦ માટે સત્તાવાર વૈશ્વિક માસ્કોટનો ભાગ ભજવ્યો છે અને ૨૦૧૭ અને ૨૦૧૮માં બેક-ટુ-બેક ઈહ્ફછ ચેમ્પિયન્સ લીગ ફાઈનલમાં પિચ પર સુંદર પર્ફોમ પણ કર્યું છે.

# હ્યુંડાઈ મોટર ઈન્ડિયાએ 'ગ્રામીણ મહોત્સવ' શરૂ કર્યો

એજન્સી દ્વારા

હ્યુંડાઈ મોટર ઈન્ડિયા લિ., ગ્રામીણ ભારતમાં તેના મૂળિયાને વધુ ઊંડા કરવા માટે એક મિશન શરૂ કરે છે. દેશના દરેક ખૂણે ગ્રાહકોની વૈવિધ્યસભર જરૂરિયાતોને ઓળખીને, હ્યુંડાઈ મોટર ઈન્ડિયા ગર્વથી રજૂ કરે છે "ગ્રામીણ મહોત્સવ" - ગ્રામીણ ભારતના સારને ઉજવતી એક ગતિશીલ પહેલ. તેના કુલ વેચાણમાં ગ્રામીણ વેચાણનો હિસ્સો ૧૯%થી વધુ હોવા સાથે એચએમઆઈએલ ગ્રામીણ સમુદાયો સાથે મજબૂત બંધન બનાવવા માટે પ્રતિબદ્ધ છે.ગ્રામીણ મહોત્સવ હેઠળ, હ્યુંડાઈ આકર્ષક પ્રોડક્ટ ડિસ્પ્લે, ઈન્ટરેક્ટિવ ડેમોન્સ્ટ્રેશન અને નુક્કડ નાટક, લાઈવ મ્યુઝિક, લોક નૃત્ય અને પ્રાદેશિક ટેલેન્ટ શો જેવા આકર્ષક ગ્રાહક અનુભવો સહિત આકર્ષક પ્રવૃત્તિઓની શ્રેણીનું આયોજન કરી રહી છે. ૨ દિવસીય ગ્રામીણ મહોત્સવ કાર્નિવલ સમગ્ર ભારતમાં ૧૬ સ્થળોએ આયોજિત કરવામાં આવશે, જેમાં કલાત્મક હસ્તકલા,



કાર્નિવલ રાઈડ્સ, ગેમિંગ ઝોન અને સ્વાદિષ્ટ ફૂડ સ્ટોલ દર્શાવતા ગતિશીલ માર્કેટ પ્લેસનું પ્રદર્શન કરવામાં આવશે. સમુદાયો સાથે નજીકથી જોડાઈને અને બજારના વલણોને સમજદાર બનાવીને, એચએમઆઈએલનો ઉદ્દેશ્ય ન માત્ર ઉભરતી આકાંક્ષાઓને જ પૂરી કરવાનો છે, પરંતુ હ્યુંડાઈ પરિવારમાં નવા ગ્રાહકોને ઓળખવાનો અને તેમનું સ્વાગત કરવાનો છે.આ પહેલ માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા, હ્યુંડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડના સીઓઓ શ્રી તરૂણ ગર્ગે જણાવ્યું, "ગ્રામીણ જોડાણને મજબૂત કરવા તરફના અમારા સતત પ્રયાસો સારા ફળ આપી રહ્યા છે અને હ્યુંડાઈ મોટર ઈન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ગ્રામીણ બજારોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

# મહિન્દ્રાએ બોલેરો નિઓ+ લોન્ચ કરી, કિંમત રૂ. ૧૧.૩૯ લાખથી શરૂ

ભારતની અગ્રણી એસયુવી ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ આજે બોલેરો નિઓ+ ૯ સીટર રજૂ કરી હતી જે બે વેરિઅન્ટ્સ - P4 અને પ્રિમિયમ વેરિઅન્ટ P10માં ઉપલબ્ધ છે. આ એસયુવી એવા ગ્રાહકો માટે તૈયાર કરાઈ છે જેઓ સ્ટાઈલિસ, સ્પેસિયસ અને ટફ એસયુવી ઈચ્છે છે જે ડ્રાઈવર સહિત ૯ પેસેન્જર્સને સરળતાથી સમાવી શકે.

બોલેરો નિઓ+ ૯-સીટર બોલેરોના ડિપેન્ડેબલ, પાવરફુલ અને ગો-એનીવ્હેર કેરેક્ટર પર બનેલી છે જે સ્ટાઈલિશ બોલ્ડ ડિઝાઈન, પ્રિમિયમ ઈન્ટિરિયર્સ અને નિઓની ટેક્નોલોજીનું મિશ્રણ ધરાવે છે. આ એસયુવી ગ્રાહકોને મોટા પરિવારો, સંસ્થાકીય ગ્રાહકો, ટુર અને ટ્રાવેલ ઓપરેટર્સ તથા કંપનીઓને વાહનો લીઝ પર આપતા કોન્ટ્રાક્ટર્સ માટે અનોખું પ્રપોઝિશન ઓફર કરે છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના સીઈઓ- ઓટોમોટિવ સેક્ટર નલિનીકાંત ગોલ્લાગુંટાએ જણાવ્યું હતું કે બોલેરો



ગ્રાન્ડ વર્ષોથી અમારા ગ્રાહકો માટે મજબૂતાઈ અને વિશ્વસનીયતાનું પ્રતીક બની ગઈ છે જે સૌની અપેક્ષાઓથી આગળ જતું સતત પર્ફોર્મન્સ આપે છે. બોલેરો નિઓ+ના લોન્ચ સાથે અમે ટકાઉક્ષમતા, એડવાન્સ્ડ ફીચર્સ અને ઉત્કૃષ્ટ આરામનું વચન ઓફર કરીએ છીએ જે દરેક પરિવાર તેમજ ફ્લીટ ઓનર માટે ડ્રાઈવિંગનો અનુભવ સમૃદ્ધ બનાવે છે.બોલેરો નિઓ+ એ મજબૂત ૨.૨ લિટર mHawk ડીઝલ એન્જિનની શક્તિ ધરાવે છે જેની સાથે માઈક્રો-હાઈબ્રિડ ટેક્નોલોજી છે જે ઉત્કૃષ્ટ ઈંધણ ક્ષમતા તથા પર્ફોર્મન્સ આપે છે. તેની બોડી-ઓન-ફ્રેમ કન્સ્ટ્રક્શન અને હાઈ-સ્ટ્રેન્થ સ્ટીલ બોડી શેલ ઉચ્ચ ટકાઉક્ષમતા અને સુરક્ષા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ એસયુવી એબીએસ વીથ ઈબીડી, ડ્યુઅલ એરબેગ્સ, ISOFIX ચાઈલ્ડ સીટ્સ, એન્જિન ઈમ્મોબિલાઈઝર અને ઓટોમેટિક ડોર લોક્સ સહિતના એડવાન્સ્ડ સેફ્ટી ફિચર્સ ધરાવે છે જે તમામ મુસાફરો માટે સુરક્ષિત અને આરામદાયક સફર સુનિશ્ચિત કરે છે.

બોલેરો નિઓ+ એ X-આકારના બમ્પર, ક્રોમ ઈન્સર્ટ્સથી સજાવેલી ફ્રન્ટ ગ્રીલ અને ઠ-આકારનું સ્પેર વ્હીલ કવર જેવા સિગ્નેચર બોલેરો એલિમેન્ટ્સ ધરાવે છે, આ બધું સાઈડ બોડી ક્લેડીંગ દ્વારા પૂરક છે. તેની ઓથેન્ટિક એસયુવી ડિઝાઈન અને પ્રભાવશાળી વલણ સ્ટાઈલિશ હેડલેમ્પ્સ, ફોગ લેમ્પ્સ અને કમાન્ડિંગ હૂડ દ્વારા વધુ વધારવામાં આવ્યું છે. ૪૦.૬૪ સેમી એલોય વ્હીલ્સ અને મજબૂત સાઈડ તથા રિઅર ફૂટસ્ટેપ્સ સાથે, બોલેરો નિઓ+ આત્મવિશ્વાસ અને સુંદરતા પ્રદર્શિત કરે છે.

### સાપના અવશેષ ૪.૭ કરોડ વર્ષ જૂના હોવાનો દાવો કરાયો

# કચ્છમાંથી મળ્યા હિન્દુ સંસ્કૃતિના વૈજ્ઞાનિક પુરાવા, વાસુકી નાગ માત્ર વાત નહીં સાચી હકીકત



પ્રતિનિધિ દ્વારા

કચ્છ,તા.૨૨

ગુજરાતના કચ્છમાં વર્ષો પહેલા એનાકોન્ડાથી પણ વિશાળ કદ સાપ રહેતા હોવાનો ભારતીય વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી રૂરકીના નવા સંશોધન અનુસાર ગુજરાતના કચ્છમાં મળી આવેલા અવશેષો અત્યાર સુધીના સૌથી મોટા સાપની કરોડરજ્જુ હોઈ શકે છે. વૈજ્ઞાનિકોના દાવા અનુસાર સાપના અવશેષ ૪.૭ કરોડ વર્ષ જુના છે.

આઈઆઈટી રુરકીના વૈજ્ઞાનિકોએ આ નવી શોધાયેલી સાપની પ્રજાતિનું નામ વાસુકી ઈન્ડિક્સ રાખ્યું છે. અત્રે ઉલ્લેખનિ છે કે, હિંદુ પુરાણો અનુસાર ભગવાન શિવના ગળામાં ધારણ સાપનું નામ વાસુકી છે. જો વૈજ્ઞાનિકોના દાવાને સાચો માનીયે તો કરોડો વર્ષો પહેલા કચ્છમાં વાસુકી નાગનું અસ્તિત્વ હતું.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી), રૂરકીની ટીમે પૃથ્વી પર ફરતા અત્યાર સુધીના સૌથી મોટા સાપ પૈકીના એક વાસુકી ઈન્ડિકસ **(Vasuki Indicus)** ની શોધ કરી છે. એક એવા સાપની કલ્પના કરો જે સ્કૂલ બસ (૧૧થી ૧૫ મીટર વચ્ચે) જેટલો લાંબો હોઈ શકે છે. હિન્દુ પુરાણ અને ધર્મ ગ્રંથોમાં ઉલ્લેખિત વાસુકી નાગ જેવા મહાકાય સાપના અવશેષો ગુજરાતના કચ્છમાં આવેલી પાંડ્રો લિગ્નાઈટ ખાણમાંથી મળી આવ્યા હતા.સાપના આ અવશેષોમાંથી ૨૭ કરોડરજ્જુ સારી રીતે સચવાયેલા છે, જેમાંથી કેટલાક અગાઉની જેમ એક બીજા સાથે જોડાયેલા અથવા જોડાયા હોવાનું જણાયું હતું. વૈજ્ઞાનિકોના સંશોધન અનુસાર સાપના અવશેષો લગભગ ૪.૭ કરોડ વર્ષ જૂના છે. એટલે કે ગુજરાતના કચ્છ વિસ્તારમાં કરોડો વર્ષ પહેલા આટલા મહાકાય સાપ રહેતા હતા.

હાલ તદ્દન લુપ્ત થઈ ગયેલા મડત્સોઈદે સાપ પરિવાર સાથે સંબંધ ધરાવતા હતા, પરંતુ તે ભારતના એક અદ્વિતિય સાપ વંશનું પ્રતિનિધિત્વ કરતા હતા.આઈઆઈટી રુરકીએ ગુજરાતના કચ્છમાં વાસુકી ઈન્ડિક્સનું આ અભૂતપૂર્વ સંશોધન કર્યુ છે. આ સંશોધન પ્રોફેસર સુનિલ બાજપાઈ અને પોસ્ટ ડોક્ટરલ ફેલો દેબજીત દત્તાએ કર્યુ છે. વૈજ્ઞાનિકોએ જ્યારે આ કરોડરજ્જુ ને ધ્યાનથી જોયું તો તેમના કદ અને આકાર વિશે એક રસપ્રદ વાત ધ્યાનમાં આવી. તેઓ સૂચવે છે કે વાસુકી ઈન્ડિકસનું શરીર પહોળું અને નળાકાર હતું, જે મજબૂત અને શક્તિશાળી સંરચના તરફ ઈશારો કરે છે.

વાસુકી ઈન્ડિકસ એક વિશાળ સાપ છે, જે એક સમયે પૃથ્વી પર ફરતો હતો અને અત્યાર સુધીમાં જાણીતા સૌથી લાંબા સાપનું બિરુદ ધરાવે છે.

વૈજ્ઞાનિક સંશોધકોનું માનવું છે કે, તે એક ગુપ્ત શિકારી હતો. આજે આપણે જે એનાકોન્ડા જોઈએ છીએ તેની જેમ, વાસુકી ઈન્ડિકસ કદાચ ધીરે ધીરે સરકતો હતો અને શિકાર પર હુમલો કરવા માટે યોગ્ય ક્ષણની રાહ જોતો હતો. તેના વિશાળ આકારે તેના પ્રાચીન ઈકોસિસ્ટમમાં એક મહાકાય શિકારી બનાવી દીધો હતો.

વાસુકી ઈન્ડિકસ અદ્વિતીય છે અને તેનું નામ વાસુકીના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેને ઘણીવાર હિન્દુ ધર્મના ભગવાન શિવના ગળામાં દર્શાવવામાં આવે છે.

આ નામ માત્ર તેના ભારતીય મૂળને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ આ ક્ષેત્રના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું પણ સૂચક છે. વાસુકી ઈન્ડિક્સની શોધ ઈઓસીન કાળ દરમિયાન સાપની જૈવવિવિધતા અને ઉત્ક્રાંતિ પર નવો પ્રકાશ પાડે છે. તે આફ્રિકા, યુરોપ અને ભારતમાં લગભગ ૧૦ કરોડ વર્ષ સુધી અસ્તિત્વ ધરાવતા મેડત્સોઈડ પરિવારના ભૌગોલિક પ્રસાર વિશે પણ માહિતી પૂરી પાડે છે. આઈઆઈટી રૂરકીના પૃથ્વી વિજ્ઞાન વિભાગના પ્રોફેસર સુનીલ બાજપાઈએ નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સંશોધન માત્ર ભારતની પ્રાચીન ઈકોસિસ્ટમને સમજવા માટે જ નહીં, પરંતુ ભારતીય ઉપખંડમાં સાપના ઉત્ક્રાંતિ ઈતિહાસને જાણવા માટે પણ મહત્વપૂર્ણ છે. તે આપણા કુદરતી ઈતિહાસને જાળવવાના મહત્વને રેખાંકિત કરે છે અને આપણા ભૂતકાળના રહસ્યોને ઉકેલવામાં સંશોધનની ભૂમિકા પર પ્રકાશ પાડે છે.

આ સંશોધનની પ્રશંસા કરતા આઈઆઈટી રૂરકીના ડિરેક્ટર પ્રોફેસર કે.કે પંતે કહ્યું હતું કે, અમને પ્રોફેસર સુનિલ બાજપાઈ અને તેમની ટીમ પર આ મહત્વપૂર્ણ સંશોધન કરવા પર ગર્વ છે. વાસુકી ઈન્ડિકસની શોધ આઈઆઈટી રૂરકીની વૈજ્ઞાનિક જ્ઞાનને આગળ વધારવાની પ્રતિબદ્ધતા અને સંશોધનમાં ઉત્કૃષ્ટતાના અમારા સતત પ્રયાસને રેખાંકિત કરે છે. આવા વિજ્ઞાન સંશોધન આપણા ગ્રહના ઈતિહાસ વિશેની આપણી સમજને સમૃદ્ધ બનાવે છે અને ગ્લોબલ સાયન્સના પ્લેટફોર્મ પર આઈઆઈટી રૂરકીનું નામ રોશન કરે છે. "



શાહીબાગ કેમ્પ હનુમાન મંદિરથી હનુમાનજીની નગરયાત્રા આજે અમદાવાદમાં વિવિધ વિસ્તારમાં ફરી હતી.

### ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે

# ગાંધીધામ અને ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાઈ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૨

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઈન્ટરલોકિંગ કામને કારણે ગાંધીધામ - વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ અને ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.૨૮ એપ્રિલ, ૫ અને ૧૯ મેના રોજ ગાંધીધામથી ચાલતી ટ્રેન નં ૨૦૮૦૪ ગાધીધામ - વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા બડનેરા, બલ્લારશાહ, વિજયવાડા, વિશાખાપટ્ટનમના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલા માર્ગ વાયા વર્ધા, નાગપુર, રાયપુર, ટિટિલાગઢ, રાયગઢ, વિજયનગરમ, વિશાખાપટ્ટનમના માર્ગ પર દોડશે.

આ ટ્રેન ચંદ્રપુર, બલ્હારશાહ, સિરપુર કાગઝનગર, રામગુંડમ, વારંગલ, ખમ્મમ, વિજયવાડા, એલુરુ, રાજમુદ્રી, સામલકોટ, દુવ્વાડા સ્ટેશનો પર નહીં જાય. ૨, ૯ અને ૧૬ મે ના રોજ વિશાખાપટ્ટનમથી ચાલતી ટ્રેન નં ૨૦૮૦૩ વિશાખાપટ્ટનમ, ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વિશાખાપટ્ટનમ, વિજયવાડા, બલ્હારશાહ, બડનેરા, વર્ધાના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલા માર્ગ વાયા વિશાખાપટ્ટનમ, વિજયનગરમ, રાયગઢ, ટિટલાગઢ, રાયપુર, નાગપુર, વર્ધાના માર્ગ પર દોડશે.

આ ટ્રેન દુવ્વાડા, સામલકોટ, રાજમુદ્રી, એલુરુ, વિજયવાડા, ખમ્મમ, વારંગલ, રામગુંડમ, સિરપુર કાગઝનગર, બલ્હારશાહ, ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય. ૧, ૮ અને ૧૫ મે ના રોજ ઓખાથી ચાલતી ટ્રેન નં ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા, બલ્હારશાહ, વિજયવાડા, વિશાખાપટ્ટનમ, ખુર્દા રોડના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલા માર્ગ વાયા વર્ધા, નાગપુર, રાયપુર, ટિટિલાગઢ, રાયગઢ, વિજયનગરમ, ખુર્દા રોડના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર, બલ્હારશાહ, સિરપુર કાગઝનગર, મંચિર્યાલ, રામગુંડમ, વારંગલ, વિજયવાડા, એલુરુ, રાજામુદ્રી, સામલકોટ, અનકાપલ્લી, વિશાખાપટ્ટનમ સ્ટેશનો પર જશે નહીં.

૨૮ એપ્રિલ, ૫ અને ૧૯ મેના રોજ પુરીથી ચાલતી ટ્રેન નં ૨૦૮૧૯ પુરી ઓખા એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ, વિશાખાપટ્ટનમ, વિજયવાડા, બલ્હારશાહ, વર્ધાના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલા માર્ગ વાયા ખુર્દા રોડ, વિજયનગરમ, રાયગઢ, ટિટિલાગઢ, રાયપુર, નાગપુર, વર્ધાના માર્ગ પર દોડશે. આ ટ્રેન વિશાખાપટ્ટનમ, અનકાપલ્લી, સામલકોટ, રાજમંડ્રી, એલુરુ, વિજયવાડા, વારંગલ, રામગુંડમ, મંચિર્યાલ, સિરપુર કાગઝનગર, બલ્હારશાહ, ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય. ટ્રેનોના સ્ટોરેજ, રૂટ અને સમય વિશે વિસ્તૃત માહિતી માટે તમે **www. en- quiry. indianrail. gov.in** ની મુલાકાત લઈ શકો છો.



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતે ભક્તિ ભાવ પૂર્વક દર્શન અર્ચન કર્યા હતા અને સૌના સુખ શાંતિ સમૃદ્ધિ માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

# અમદાવાદ એરપોર્ટથી ૩૩ લાખનું સોનું ચોરાયું

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ એરપોર્ટથી ૩૩લાખનું સોનું ચોરાયાની ઘટના સામે આવતા પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે. ૩૩ લાખનું સોનું કાર્ગોમાંથી પટણા મોકલાવમાં આવ્યું હતું જે પટણા પંહોચતા પહેલા જ ચોરાઈ ગયું. લાખો રૂપિયાનું સોનાની ચોરી થતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ. એરપોર્ટ પોલીસ કાર્ગોથી પટણા મોકલાવમાં આવેલ ૩૩ લાખનું સોનાની ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદ એરપોર્ટ પરથી લાખો રૂપિયાનું સોનાનું પાર્સલ કંઇ રીતે ચોરાયુ તેને લઇને પોલીસે તપાસ કરતા શંકાસ્પદ સ્થાનો અને શખ્સની ચકાસણી હાથ ધરી છે. લાખો રૂપિયાનું આ સોનું ડિસેમ્બર મહિનામાં કાર્ગોથી પટણા મોકલવામાં આવ્યું હતું, અત્યાર સુધી કાર્ગોમાં મોકલવામાં આવેલ સામાન તેના નિશ્ચિત સ્થાન પર ના પંહોચતા એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવમાં આવી. એરપોર્ટ પોલીસે ચોરીનો ગુનો નોંધી **CCTV** ફૂટેજના આધારે તપાસ હાથધરી છે.

પટણા મોકલવામાં આવેલ લાખો રૂપિયાનું સોનું ગોતામાં રહેતા જગદીશકુમાર દરજી દ્વારા મોકલવામાં આવ્યું હતું. ૩૨ વર્ષીય જગદીશકુમાર દરજી એલિસબ્રિજ ખાતે બીવીસી લોજેસ્ટીક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે કામ કરી રહ્યા છે. જગદીશભાઈની કંપની સોના-ચાંદીની જ્વેલરી સાથે કિમંતી ચીજ વસ્તુનું ટ્રાન્સપોર્ટેશન કરવાનું કામ કરે છે. આ કામના સંદર્ભે તેમણે ગત ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ કંપનીની રાજકોટ ટીમના મેનેજર રાજ મહેસુરીયાની ટીમે લોટસ જ્વેલરી ક્રિએશન નામની દુકાનમાંથી ૩૩.૧૪ લાખની કિમંતના ૫૩૬.૫૨૪ ગ્રામ ગોલ્ડ અમદાવાદ મોકલ્યું હતું. ત્યારબાદ અમદાવાદના એરપોર્ટ પરથી ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા ૧૯ ડિસેમ્બરના રોજ પટના મોકલવામાં આવ્યું હતું પરંતુ આજદીન સુધી પંહોચ્યુ નથી.

૩૩ લાખ રૂપિયાનું પાર્સલ પટના ના પંહોચ્યું હોવાનો ફોન આવતા જ જગદીશે કાર્ગો મેનેજરનો સંપર્ક સાધ્યો હતો. મેનેજર અનુપ નાયરે તમામ બાબતોની ચકાસણી કરી અપડેટ આપશે તેમ જણાવ્યું. છતાં પણ દિવસો સુધી મેનેજરે સંપર્ક ના કરતા જગદીશ પોતે રૂબરૂ તપાસ માટે ગયા. પરંતુ કોઈ પરિણામ ના આવ્યું. આ અંગે કંપનીને ઇ-મેઈલ દ્વારા જાણ કરાઈ. ત્યારબાદ મેનેજરે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધવતા લાખો રૂપિયાનું સોનું ગુમ થયાની પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ.

# ગુજરાતમાં ઉનાળો જામતાં જ જળસંકટની શરૂઆત

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં એપ્રિલ મહિનામાં તાપમાન નવા રેકોર્ડ બનાવી રહ્યું છે ત્યારે મોટા ભાગના ડેમોમાં પાણી ખતમ થવા આવ્યું છે. હાલમાં ગુજરાતના ૨૩ ડેમ સાવ ખાલી થઈ ગયા છે અને ૬૧ ડેમમાં એક ટકા કરતા પણ ઓછું પાણી છે. તેથી જૂન મહિનાના અંતમાં વરસાદ આવે ત્યાં સુધીનો સમય કાઢવો મુશ્કેલ બની જશે તેવું લાગે છે. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ભયંકર ગરમી શરૂ થઈ છે અને પાણીનું બાષ્પીભવન થવા લાગ્યું છે. હંમેશાની જેમ આ વખતે પણ રાજ્યના કેટલાક ભાગોમાં પાણીની અછત સર્જાય તેવી શક્યતા છે.

એટલું જ નહીં, આ પરિસ્થિતી જોતાં ઉનાળુ પાક વખતે સિંચાઈના પાણીને લઈને ખેડૂતોની ચિંતા વધી છે. ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો અહીં કુલ ૧૫ ડેમ છે જેમાં ૩૫ ટકા જેટલું પાણી સ્ટોર થયેલું છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૧૭ ડેમમાં ૫૪ ટકા પાણી હાજર છે. સાઉથ ગુજરાતના ૧૩ ડેમમાં ૫૩ ટકાની આસપાસ પાણી હાજર છે. પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છના ડેમમાં પાણી બહુ ઓછું છે. કચ્છમાં ૨૦ ડેમમાં ૩૮ ટકાની આસપાસ પાણી છે અને મોટા ભાગના ડેમ ખાલી થઈ ગયા છે જ્યારે સૌરાષ્ટ્રમાં કુલ ૧૪૧ ડેમમાં ૨૫ ટકા પાણી છે.

અત્યારે પીવાના પાણીની અછત થાય તો તેના માટે નર્મદાના પાણીથી પરિસ્થિતિને પહોંચી વળવામાં આવશે. પરંતુ ઉનાળુ પાક લેવા માટે સિંચાઈના પાણીની અછત થવાની શક્યતા વધારેછે. ખેડા જિલ્લામાં ૧૪ ટકા, સુરતમાં ૧૫ ટકા, અમરેલી જિલ્લામાં ૧૮ ટકા, બોટાદમાં ૨૩ ટકા પાણી છે. જ્યારે જામનગરમાં ડેમમાં માત્ર ૧૮ ટકા પાણી છે. આ તમામ જિલ્લા એવા છે જ્યાં પાણીનો સ્તર એકદમ ઘટી ગયો છે અને સિંચાઈ માટે પાણીની તંગી થાય તેવી શક્યતા છે.ગુજરાતને સૌથી મોટો સહારો નર્મદા ડેમનો છે અને તેમાં એટલું પાણી છે કે ચોમાસુ બેસી જાય ત્યાં સુધી પીવાના પાણીની સમસ્યા તો નહીં થાય. પરંતુ સૌથી વધારે ચિંતા સૌરાષ્ટ્ર અને કચ્છના ડેમની છે જ્યાં પાણીનો સ્તર ઘટતો જાય છે. ગુજરાતમાં ૬૧ ડેમમાં હાલમાં એક ટકા કરતા પણ ઓછું પાણી છે અને ૨૩ ડેમમાં પાણી સાવ ખતમ થઈ ગયું છે તેથી તેમાંથી પાણીની એક બુંદ પણ મળી શકે તેમ નથી. આ વર્ષે વરસાદ સમયસર પડે તો વાંધો નહીં આવે, પરંતુ વરસાદ પડવામાં વિલંબ થશે તો ઉનાળાના દિવસો પસાર કરવા મુશ્કેલ બની જશે.

# ભારત પેટ્રોલિયમની ટેન્કરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૨

લોકસભાની ચૂંટણીના માહોલ વચ્ચે વડોદરા ગ્રામ્ય એલસીબીએ ભારત પેટ્રોલિયમની ટેક્રરના છૂપાવીને લઈ જવાતો દારૂનો મોટો જથ્થો એક્ષપ્રેસ હાઈવેના ટોલ નાકા પરથી ઝડપી પાડયો હતો.

ટેન્કરમાં વિદેશી દારૂનો જથ્થો વાપી તરફથી વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા થઈ અમદાવાદ તરફ જઈ રહ્યો છે તેવી બાતમીના આધારે ગ્રામ્ય એસલીબીની ટીમે આજોડ ગામની સીમમાં ટોલનાકા પર વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબનું ટેક્રર આવતા તેને રોડ સાઈડ પર લેવડાવી તપાસ કરતા માત્ર ડ્રાઈવર મળી આવ્યો હતો. તેણે તેનું નામ ખીયારામ મંગારામ જાટ (રહે. લખવારા, ચોટણ, જિ. બાડમેર —રાજસ્થાન) જણાવ્યું હતું.

ટેક્રરની તપાસ હાથ કરતા રૂ. ૪૫.૯૮ લાખનો વિદેશી દારૂનો મોટો જથ્થો મળ્યો હતો. પોલીસે દારુ સહિત કુલ રૂ. ૬૧.૦૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બહારથી પેટ્રોલિયમનું દેખાતા ટેક્રરમાં વિદેશી દારૂ છુપાવ્યો હતો.

દારૂની હેરાફેરીમાં પકડાયેલા ડ્રાઈવરની પુછપરછ કરતાં તેણે જણાવ્યું કે, તે ગાંધીધામ ખાતે ડ્રાઈવીંગ કરતો હતો.

# વલસાડના કપરાડાના વાતાવરણમાં પલટો, કેરીના પાકને નુકસાનની ભિતી

પ્રતિનિધિ દ્વારા

વલસાડ,તા.૨૨

વલસાડના કપરાડાના વાતાવરણમાં પલટો આવ્યો છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ થતાં કેરીના પાકને નુકસાનની ભીતિ છે. કમોસમી વરસાદથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. કપરાડાના દીક્ષલ, ઘોટાણ સહિત આજુબાજુના વિસ્તારમાં વરસાદ છે.

દેશમાં હવામાનની પેટર્ન બદલાવા લાગી છે. છેલ્લા ૨૪ કલાકમાં પૂર્વોત્તર ભારતથી લઈને પંજાબ-કર્ણાટક સુધી હળવો વરસાદ થયો છે. રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં કરા પણ પડ્યા છે. ભારતીય હવામાન વિભાગ **(IMD)** એ કહ્યું છે કે દેશમાં હવામાન સતત બદલાઈ રહ્યું છે. ઉત્તર ભારતના રાજ્યો હીટ વેવની અસરનો સામનો કરી રહ્યા છે, જ્યારે કેટલાક રાજ્યોમાં વરસાદ થયો છે.**IMD**એ જણાવ્યું છે કે મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઉત્તર કર્ણાટકમાં વીજળી અને ગાજવીજ સાથે તોફાન આવી શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની રહેશે. ઉત્તરપૂર્વ ભારતમાં હળવો વરસાદ પડી શકે છે. રાજસ્થાન, આસામ, મેઘાલય, કેરળ, માહે, રાયલસીમા અને દરિયાકાંઠાના અને દક્ષિણ કર્ણાટકના પશ્ચિમ ભાગોમાં વાવાઝોડા અને તેજ પવનની શક્યતા છે. કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને અરુણાચલ પ્રદેશમાં વીજળીના ચમકારા સાથે હળવો વરસાદ થઈ શકે છે.**IMD** અનુસાર, આગામી ૨૪ કલાકમાં અરુણાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા થવાની છે. ઉત્તર પંજાબ અને ઉત્તર હરિયાણામાં ગાજવીજ, વીજળી અને ભારે પવન સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું છે કે ગંગાને અડીને આવેલા પશ્ચિમ બંગાળમાં તીવ્ર ગરમીનું મોજું આવવાનું છે. ઓડિશા, બિહાર અને ઝારખંડમાં પણ હીટ વેવની શક્યતા છે. પૂર્વી ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશમાં રાતો આકરી ગરમી પડશે.યુપીના ઘણા જિલ્લાઓ તીવ્ર ગરમીની લપેટમાં છે. બહરાઈચ, વારાણસી, પ્રયાગરાજ જેવા જિલ્લાઓમાં તાપમાન ૪૦ થી વધુ છે. જ્યારે પૂર્વ યુપીમાં તીવ્ર ગરમી પડશે, જ્યારે પશ્ચિમ યુપીમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. હાલમાં બિહારમાં ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે રાજ્યના ૨૦ શહેરોમાં તાપમાન ૪૦ થી વધુ રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં મંગળવારથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાદળ છવાયેલા અને ઝરમર વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે દિવસ દરમિયાન જોરદાર પવનની આગાહી કરી છે. મહત્તમ તાપમાન ૩૮ અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રીની આસપાસ રહી શકે છે.

### એક મહિનો મોડી શરૂ થઈ કેરીની સિઝન

# મોડી પણ નવસારી APMCમાં કેરીની આવક શરૂ થઇ ગઈ

પ્રતિનિધિ દ્વારા

નવસારી, તા.૨૨

વાતાવરણમાં સતત વધતી ગરમી ખેતી માટે નુકશાનકારક સાબિત થઈ રહી છે. ગત દિવસોમાં શિયાળામાં ગરમીનું પ્રમાણ વધ્યું, જેની સાથે કમોસમી માવઠાએ ફળોના રાજા કેરીના ઉત્પાદન ઉપર માઠી અસર દેખાડી હતી. જોકે સમય કરતા મોડી પણ નવસારી **APMC** માં કેરીની આવક શરૂ થઈ છે. પ્રતિ મણ કેરીના સારા ભાવો પણ મળતા ખેડૂતોમાં આનંદ છવાયો છે. ઉનાળો આવતા જ કેરી અને કેરીનો રસ ખાવાના પ્લાનિંગ થવા માંડે છે. વેકેશન પડતા જ કેરીગાળો કરવાના આમંત્રણ અપાય છે. પણ બદલાતા વાતાવરણે આ વખતે કેરી રસિયાઓને નિરાશ કર્યા છે. વાતાવરણમાં વધતી ગરમીને કારણે આંબાવાડીઓમાં ગત દિવસોમાં કેરીમાં ખરણ જોવા મળ્યુ હતુ. જેને કારણે આ વખતે ૫૦ થી ૬૦ ટકા જ કેરી આવવાની શક્યતા જોવાતી હતી. જેના પરિણામે કેરીની સીઝન લગભગ ૧ મહિનો મોડી થઈ છે. જોકે હાલ નવસારી છઁસ્ઝ માં કેરીની આવક શરૂ થતા વેપારીઓમાં ખુશી જોવા મળી છે. પરંતુ નહિવત આવક સાથે જ ફળની સાઈઝ નાની આવી રહી છે. જેથી વેપારીઓ થોડા નિરાશ પણ થયા છે. બીજી તરફ કેરીની આવક પણ ગત વર્ષો કરતા ૧૦ ટકા જ આવી રહી છે. ગત વર્ષે આ દિવસોમાં ૫ હજાર મણ આસપાસ આવક હતી. પરંતુ આ હાલમાં ફક્ત ૩૦૦ થી ૫૦૦ મણ જ કરીની આવક થઈ રહી છે. જેમાં ખેડૂતોને હાલ કેસર કેરીનો પ્રતિ મણ ભાવ ૧૭૦૦ થી ૨૨૦૦ રૂપિયા મળી રહ્યો છે. જોકે ૧૦ દિવસ બાદ કેરીની આવકમાં વધારો થાય એવી શક્યતા પણ સેવાઈ રહી છે તેવું નવસારી **APMC** ના વેપારી મનીષ હિરાણીએ જણાવ્યું.

કેરીની આવક શરૂ થતા ખેડૂતોમાં પણ ખુશી છે. પણ કેરીના પાકને ટકાવી રાખવા માટે ખેડૂતોએ આંબાવાડીઓમાં કરેલ દવાનો છંટકાવ, ખાતર વગેરેમાં થયેલ ખર્ચો નીકળે કે કેમ એની ચિંતા પણ વધી છે. કારણ કેરીનો પાક ૩૦ થી ૪૦ ટકા જ રહ્યો છે. જેથી હાલમાં પ્રતિ મણ ૧૭૦૦ થી ૨૨૦૦ રૂપિયા મળી રહેલા ભાવથી ખેડૂતો ખુશ છે. પણ હજી પણ ભાવમાં વધારો થાય એવી આશા ખેડૂતો સેવી રહ્યા છે. કેરીની આવક શરૂ થતા વેપારીઓ અને ખેડૂતો ખુશ છે.

# રૂપાલા સામે આંદોલનમાં હવે તમામ સમાજને સાથે લેવાની બનાવાઈ રણનીતિ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૨

રાજપૂતોનો વિરોધ આસમાને છે. સતત વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.હવે રાજપૂત ફજી ભાજપની લડાઈ થઈ ગઈ છે. આવું એટલા માટે કારણ કે ઠેર ઠેર ભાજપના કાર્યક્રમ સ્થળ પર હલ્લાબોલ થઈ રહ્યું છે અને યુવાઓ સ્થળ પર જઈને રૂપાલા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી રહ્યા છે. અનેક સ્થળ પર પ્રદર્શનકારીઓની અટકાયત પણ કરવામાં આવી હતી.રાજકોટથી શરૂ થયેલ ક્ષત્રિયોનું વિરોધ પ્રદર્શન પહેલા સૌરાષ્ટ્ર અને હવે આખા ગુજરાતમાં થઈ રહ્યું છે. વિરોધની આગ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ બરાબરની ફેલાઈ છે. સાબરકાંઠામાં ક્ષત્રિયોએ વિરોધ પ્રદર્શન કર્યું. જ્યારે વિરમગામમાં પણ રાજપૂતોનો આક્રોશ જોવા મળ્યો. આ બંન્ને દ્રશ્યો સતત વધી રહેલા રાજપૂતોના આક્રોશની ચાડી ખાય છે.

હવે ગુજરાતમાં ૧૫ દિવસ જ ચૂંટણીને બાકી છે ત્યારે રાજપૂતો પોતાની માગ સાથે અડગ હતા છે અને રહેશે તેવો આક્રમક અંદાજ જોવા મળી રહ્યો છે. હવે બની રહેલ વિરોધની ઘટનાઓમાં કોંગ્રેસના કાર્યકરો અને રાજપૂત સમાજના આગેવાનો સાથે રહીને વિરોધ કરતા જોવા મળી રહ્યા છે. વિરમગામની વાત કરીએ તો અહિં ચૂંટણી સંદર્ભે ભાજપની સભા ચાલી રહી હતી. નેતાજીઓ સ્ટેજ પર હતા અને તેમના સમર્થકો સાંભળી રહ્યા હતા પરંતુ ત્યાં જ ચાલુ સભામાં રાજપૂત સમાજના યુવકો મોટી સંખ્યામાં ત્યાં આવી પહોંચ્યા અને પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વિરોધ કરી રહેલા તમામ લોકો યુવા હતા. અહીં તેઓ આવ્યા બાદમાં રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. આ બેઠકમાં ઉપસ્થિત તમામ લોકો કાંતો વેપારીઓ કાંતો સામાન્ય નાગરીક હતા. આ ઘટના બની ત્યારબાદ પોલીસ પણ તુરંત એક્શનમાં આવી ગઈ હતી. પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી લગભગ ૧૦ જેટલા યુવકોને અટકાવવામાં આવ્યા હતા અને તમામ ૧૦ લોકો સામે અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ જ્યાં જ્યાં ભાજપના કાર્યક્રમ થાય તે તમામ જગ્યાએ રાજપૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યા છે. અને આવનારા ૧૫ દિવસ સુધી આ જ સ્થિતિ જોવા મળી શકે છે. કારણ કે રાજપૂત સમાજ હવે આરપારની લડાઈમાં આવી ગયો છે.

આ તરફ સાબરકાંઠામાં પણ રૂપાલાને લીધે રાજપૂતો સતત વિરોધ કરી રહ્યા છે.